# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,

## જિલ્લા રમત-ગમત અધિકારી,ગાંધીનગર

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર,મહાત્મા ગાંધી વિદ્યામંદિર સેક્ટર-21, ગાંધીનગર

E-mail- dso-sycd-gngr@gujarat.gov.in


ક્રમાંક:જિરગઅ/KMKરાજયકક્ષા/૩૭૬૪ થી ૩૮૨૨/૨૦૨૫-૨૬ તા.૨૬/૧૨/૨૦૨૫

**BY-E-MAIL**

**KMK રાજયકક્ષાની ઓપનએજ ગૃપ (ભાઈઓ/બહેનો) સાયકલીંગ સ્પર્ધા પરિપત્ર**

પ્રતિ,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી, તમામ
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,તમામ
ગુજરાત રાજય

વિષય :- ખેલમહાકુંભ-૨૦૨૫-૨૬ રાજયકક્ષાની ઓપનએજ ગૃપ (ભાઈઓ/બહેનો) સાયકલીંગ સ્પર્ધામાં ભાગ લેવા અંગે પરિપત્ર

સંદર્ભ :- પત્રક્રમાંક:એસએજી/ખેમકું ૨૦૨૫/૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા:૨૪/૧૨/૨૦૨૫નાં પત્ર અન્વયે

શ્રીમાનશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકારશ્રીનાં રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજીત **સીધી રાજયકક્ષાની ઓપન એજ સાયકલીંગ (ભાઈઓ/બહેનો) સ્પર્ધાનું સંભવિત આયોજન તા:૨૩/૦૧/૨૦૨૬ થી તા:૨૪/૦૧/૨૦૨૬ સ્પર્ધા પ્રસ્થાન સ્થળ: મુખ્ય ગિફ્ટસીટી સર્કલ થી ગિફ્ટસીટીમાં પ્રવેશ કરીને પરત મુખ્ય ગિફ્ટસીટી સર્કલ (પ્રસ્થાન સ્થળ), ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે.** જે અંગે આપના જિલ્લાના ઓપન એજ માટે સાયકલીંગ ૨૦ કિ.મી. રોડ રેસ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા ખેલાડીઓની ઓનવાઇન રજીસ્ટ્રેશન KMK ID સાથેની એન્ટ્રી તા.૨૧/૦૧/૨૦૨૬ સુધીમાં ફરજિયાત dso-sycdgngr@gujarat.gov.in પર મોકલી આપવાની રહેશે. તેમજ ભાગ લેનાર ટીમને નીચે મુજબના સ્થળે ઉપસ્થિત રહેવા ખેલાડી-કોચ/મેનેજરશ્રી/વ્યાયામ શિક્ષકશ્રીને જાણ કરવાની રહેશે.

### સીધી રાજયકક્ષાની KMK-૨૦૨૫ સાયકલીંગ ઓપન એજ ગ્રુપ (ભાઈઓ/બહેનો) સ્પર્ધા કાર્યક્રમ-૨૦૨૫

| ક્રમ | વયજુથ | નિવાસ તથા રીપોર્ટીંગ સ્થળ | રીપોર્ટીંગ/સમય અને તારીખ | સ્પર્ધા તારીખ/સમય |
|---|---|---|---|---|
| ૧ | ઓપનએજ ગ્રુપ (ભાઈઓ-બહેનો) | સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત(SAG),હોસ્ટેલ, સેકટર-૧૩/બી, મહાત્મા મંદિર રોડ,ખ-૩ સર્કલ પાસે | તા:૨૩/૦૧/૨૦૨૬ સાંજે ૦૫:૦૦ કલાકે | તા:૨૪/૦૧/૨૦૨૬ સવારે ૦૬:૦૦ કલાકે |
| **સ્પર્ધા સ્થળ :- પ્રસ્થાન સ્થળ: મુખ્ય ગિફ્ટસીટી સર્કલ થી ગિફ્ટસીટીમાં પ્રવેશ કરીને પરત મુખ્ય ગિફ્ટસીટી સર્કલ (પ્રસ્થાન સ્થળ ખાતે)** | | | | |

| ક્રમ | નામ | મોબાઈલ | નામ | મોબાઈલ |
|---|---|---|---|---|
| ૧ | ડૉ મુકેશભાઈ પટેલ | ૯૫૩૭૨૮૮૮૩૭ | ડૉ ભરતભાઈ પટેલ | ૯૪૨૯૨૧૦૧૯૦ |
| ૨ | નિકુલસિંહ ચાવડા | ૯૫૭૪૮૮૫૬૫૭ | મનીષ પટેલ | ૯૭૧૪૬૨૮૫૭૫ |
| ૩ | શૈલેષભાઈ પટેલ | ૯૮૨૪૮૫૧૨૧૨ | DSO | ૯૯૦૯૩૦૦૧૦૯ |

(પાછળ)

# <u>સ્પર્ધા અંગેની જરૂરી સુચનાઓ</u>

- **ટીમના તમામ ખેલાડીઓએ KMK માન્ય એલીજીબીલીટી ફોર્મ ૩ નકલમાં DSO/DSDOના સહી-સિક્કા સાથેનું લાવવાનું રહેશે અને રીપોર્ટીંગ સમયે રજુ કરવાનું રહેશે. અને રીપોર્ટીંગ સમયે રજુ કરવાનું રહેશે તથા KMK ID વાળી રસીદ ફરજીયાત સાથે લઈને આવવાનું રહેશે.**
- **ઓનલાઈન KMK ID નંબર વાળા સ્પર્ધકો જ ભાગ લઇ શકશે અન્યથા નહીં.**
- ખેલાડીઓએ એલીજીબીલીટી સાથે આધારકાર્ડ,જન્મનુ પ્રમાણપત્ર,શાળાનો બોનાફાઈટ સર્ટીફિકેટ રજુ કરવાનુ રહેશે.
- સ્પર્ધકે સાયકલ પોતાની લાવવાની રહેશે. તથા સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવાનો રહેશે. **જેની ખાસ નોંધ લેવી**
- સ્પર્ધા દરમિયાન હેલમેટ ફરજીયાત પહેરવાનું રહેશે.
- સ્પર્ધા દરમિયાન કોઈપણ પ્રકારનો કુદરતી કે અકુદરતી અકસ્માત થશે તો આ માટે આયોજકો કે સરકારશ્રી કોઈ રીતે જવાબદાર રહેશે નહીં.
- જરૂરિયાત મુજબ સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે ખેલાડીઓએ શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. તેમજ સ્વચ્છતા જાળવવાની રહેશે.
- સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે ખેલાડીઓએ શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
- સ્પર્ધા નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પુરેપુરી રકમ જેતે ખેલાડી/મેનેજર/કોચએ ભરપાઇ કરવાની રહેશે.
- ભોજન/નાસ્તા સમયે જે-તે ટીમના મેનેજરે ટીમની સાથે આવવાનું રહેશે. અને શિસ્તબંધ રીતે વર્તવાનું રહેશે.
- સરકારશ્રીના નિયમોઅનુસાર સીધી રાજયકક્ષાની સ્પર્ધા હોઈ ખેલાડી/મેનેજર/કોચને મુસાફરી ખર્ચ(TA/DA) મળવાપાત્ર થશે નહિ
- મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરીને આવવાનુ રહેશે. સરકારશ્રીમાંથી આવ્યાબાદ જ પ્રવાસ ખર્ચના નાણા મેનેજરશ્રીના બેન્ક ખાતામાં RTGS/NEFT દ્વારા ચૂકવવામાં આવશે જેથી કેન્સલ ચેકની નકલ તથા બેન્ક ખાતાની વિગત સાથે લઈને આવવાની રહેશે. (ખાનગી વાહનમાં મુસાફરી કરવાની રહેશે નહિ)
- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચુકપણે આપવાની રહેશે તથા એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
- જે તારીખે,વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
- સરકારશ્રી દ્વારા કરવામાં/આપવામાં આવેલ મહત્તમ સુવિધાનો ઉપયોગ કરવાનો રહેશે અન્ય નવી કોઈ વ્યવસ્થા મળશે નહી
- કીમતી વસ્તુઓ લઇને આવવું નહી અત્રે આયોજકશ્રીની કોઈ જવાબદારી રહેશે નહી
- જિલ્લા માંથી આવતા તમામ ખેલાડીઓ/કોચીઝ/મેનેજર સિવાય અન્ય કોઈપણ બીનઅધીકૃત વ્યક્તિને સાથે લાવવાનો રહેશે નહી

**આપનો વિશ્વાસુ,**

**જિલ્લા રમત વિકાસ અધિકારી**
**ગાંધીનગર**

**આપનો વિશ્વાસુ,**

**જિલ્લા રમત ગમત અધિકારી**
**ગાંધીનગર**

**<u>સવિનય નકલ રવાના જાણ સારું:</u>**

૧ માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર
૨ માન. કલેકટરશ્રી, ગાંધીનગર
૩ માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી,ગાંધીનગર
૪ માન. જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી,ગાંધીનગર
૫ માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર
૬ માન. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (પ્રાથમિક/માધ્યમિક)ગાંધીનગર
૭ માન, નાયબ માહિતી નિયામકશ્રી, વિનામૂલ્યે સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ
૮ મેડીકલ ઓફિસર/મુખ્ય આરોગ્ય અધિકારી, જી.ગાંધીનગર શહેર/ગ્રામ્ય
૯ પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય સાયકલીંગ એશોસીએશન
૧૦ પ્રમુખ/મંત્રીશ્રી, ગાંધીનગર જિલ્લા વ્યાયામ મંડળ.
૧૧ સીઈઓ/મેનેજિંગ ડાયરેક્ટરશ્રી, ગીફ્ટસીટી,ગાંધીનગર(રોડ સુવિધા ઉપલબ્ધ કરવા સારું)
૧૨ હોસ્ટેલ મેનેજર,સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત(SAG) હોસ્ટેલ (નિવાસ અંગેની વ્યવસ્થા કરવા સારૂ)
૧૩ પસંદગી ફાઈલ

**સ્પર્ધા સ્થળ:**